


# ઓન્ટારિયો ચિલ્ડ્રન્સ ઍક્ટિવિટિ ટેક્સ ક્રેડિટ

હોકીથી ભાષાની કક્ષાઓ સુધી, માટે ટેક્સ ક્રેડિટ મેળવો, ગમે કોઇ પણ પ્રવૃત્તિથી તમારો બાળક જોડાયલો હોય.

ontario.ca/kidscredit

Ontario

## બાળકોની જગતવ્યાપી પ્રવૃત્તિઓ હોય છે.

ઓન્ટારિયોના નવા ચિલ્ડ્રન્સ ઍક્ટિવિટિ ટેક્સ ક્રેડિટ સાથે તમે સહેલાઇથી તમારા બાળકને ક્રીડા, કલા અને અન્ય પ્રવૃત્તિઓમાં આવૃત્ત કરી શકશો અને સક્રિય મન અને શરીર વિકસવા સહાયકારી થઇ શકશો.

- માતા-પિતા અને પાલક, 16 વરસથી ઓછી ઉંમરના દરેક બાળક માટે $500 સુધીના યોગ્ય ખર્ચાની માંગણી કરી શકે અને $50 સુધી પાછા મેળવી શકે છે, અથવા 18 વરસથી ઓછી ઉંમરના અક્ષમ બાળકો માટે $100.

- આ ક્રેડિટ વ્યાપક પ્રવૃત્તિઓ પર લાગુ થાય છે

એ પૂર્ણત: રીફન્ડેબલ છે, જે કારણે તમારી આવક ઓછી હોય અને તમે ઇન્કમ ટેક્સ ન આપતા હો તો પણ તમને ફાયદો થઇ શકે.

## ટેક્સ રિટર્ન ભરવા તમારી રસીદો જતન કરીને રાખો.

2010 ના રિટર્નથી શરૂ કરીને તમે તમારા વાર્ષિક ઇન્કમ ટેક્સ રિટર્નમાં ટેક્સ ક્રેડિટની માંગણી કરી શકો છો. જાન્યુઆરી 1, 2010 પછીના યોગ્ય ખર્ચાઓ સ્વીકારવા યોગ્ય થશે. બધી રસીદો જતન કરીને રાખવાની યાદ રાખો.

- આ ટેક્સ ક્રેડિટ દરેક બાળક માટે $50 સુધી આપશે અથવા $100 જો કે બાળક અક્ષમ હોય તો.

- 1.1 મિલિયન ઓન્ટારિયો પરિવારોના 1.8 મિલિયન બાળકોને ફાયદો થશે.

## તમારો બાળક શું કરવા માગે છે?

આ ક્રેડિટમાં વ્યાપક પ્રવૃત્તિઆનો સમાવેશ છે જે બે ભાગોમાં વિભાજિત છે – સુયોગ્યતા અને બિન-સુયોગ્યતા. યોગ્ય થવા માટે પ્રવૃત્તિઓ શિક્ષણ બાહેરની હોવી જોઇએ, નિરીક્ષણ આધીન હોવી જોઇએ અને બાળકો માટે માફક હોવી જોઇએ.

- કેટલીક પ્રવૃત્તિઓમાં સમાવિષ્ટ છે સોકર, નૃત્ય, સ્કાઉટ, ગર્લ્સ ગાઇડ, હોકી, નાટક અને કરાટે. વધુ લાંબી યાદી ઓન-લાઇન ઉપલબ્ધ છે.

- શારીરિક પ્રવૃત્તિઓ જે ફેડરલ ચિલ્ડ્રન્સ ફિટનેસ ટેક્સ ક્રેડિટ માટે યોગ્ય છે તે આપોઆપ ઓન્ટારિયો ચિલ્ડ્રન્સ ઍક્ટિવિટિ ટેક્સ ક્રેડિટ માટે પણ યોગ્ય થઇ જશે.

વધુ માહિતી માટે
**ontario.ca/kidscredit**

જુઓ અથવા
**1 866 668-8297** પર ફોન કરો,

ટી.ટી.વાય. :
**1 800 263-7776**

ISBN 978-1-4435-5432-9